**અમદાવાદના મહેરબાન લેબર કોર્ટ નંબર–૧ સમક્ષ**

**ઈ.એસ.આઈ. કેસ નંબર–૧૫૧૭૫/૨૦૧૮**

**જુનો ક્રિમીનલ કેસ નં. ૧૩૦૨/૧૯૯૫**

**ફરીયાદી** :– એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન

**–વિરૂધ્ધ–**

**આરોપી** :– (૧) મેસર્સ કેલીકો મીલ્સ કેમીકલ્સ ડીવીઝન,
(૨) શ્રી એમ.કે.દેસાઈ, એમ.ડી.,
(૩) શ્રી જે.એન.ગુઝદા,
ઠ/૦, મેસર્સ કેલીકો મીલ્સ કેમીકલ્સ ડીવીઝન,
જમાલપુર ગેટ,
અમદાવાદ–૩૮૦૦૨૨.

**બાબત :–** ઈ.એસ.આઈ.એકટની કલમ ૮૫(જી) સાથે કલમ ૮૫(સી) મુજબની ફરીયાદ.

**<u>–: આંક–૧ અન્વયે હુકમ :–</u>**

**(૧)** સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર વંચાણે લીધું. હાલની ફરીયાદ તે ખાનગી ફરીયાદ તરીકે દાખલ થયેલ છે. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતા એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન કે જે ફરીયાદી છે તેઓએ હાલના કેસના આરોપી સામે ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ ની જુદી જુદી કલમો હેઠળની ફરીયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આ અદાલત ધ્વારા વારંવાર સમન્સ / વોરન્ટ કરવા છતાં બજે કે વગર બજે પરત આવેલ નથી. ફરીયાદપક્ષ આરોપીનું સાચું બજવણી યોગ્ય સરનામું રજુ કરવામાં તથા આરોપીને હાજર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**(૨)** આમ, સદર કામે આરોપીને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહીં તેમજ તમામ પ્રયત્નો કરવા છતાં આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તેમજ અવાર–નવાર પ્રયત્નો કરવા છતાં આરોપી મળી આવેલ નથી. પ્રસ્તૃત કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા સદર પ્રોસેસની બજવણી કરવા પુરતા અને તમામ પ્રયત્નો કરવામાં આવેલ પરંતુ ફરીયાદી–કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામાં કે સમન્સ/વોરંટની બજવણી કરવામાં અસફળ રહેલ છે.

**(૩)** ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ હાલનું કેસ રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તૃત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તૃત કેસમાં આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે કે તેની સામે ટ્રાયલ શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. તદઉપરાંત હાલમાં અદાલતોમાં કેસોના ભરાવાનું પ્રમાણ જોવામાં આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમાં ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ શરૂ થઈ શકે તેમ નથી તેવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે કાયદાકીય જોગવાઈને આધીન ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેંસલ કરવામાં આવે તો અદાલતોમાં પેન્ડીંગ આવા જુના કેસોનું ભારણ ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતું ધ્યાન આપી શકે.

(૪) આ તકકકે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રીમીનલ રીવીઝન એપ્લીકેશન નંબર–૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણીના કેસમાં તારીખ–૨૨/૩/૨૦૦૦ ના રોજ આપવામાં આવેલ ચુકાદા પર જાય છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,

> "2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The Court has attempted to effect the made attempts to serve them. However, so fat they have remained unsuccessful in offecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos.10 and 11 are obtained, liberty is reserved to the complainant to the file fresh complainant against them. ultimately the trial is directed to proceed as against accused nos.1 to 9 and 12.
>
> 3. On the facts and circumstances of the case find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, sum marily dismissed."

(૫) ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમાં કાયદાકીય જોગવાઈને આધીન ફરીથી નવું પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેંસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપી મળી આવતા ન હોય તેમજ ફરીયાદ પક્ષ આરોપીનું નવું સરનામું રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી તથા તેનું સરનામું મળી આવે ત્યારે કાયદાકીય જોગવાઈને આધીન ફરીથી નવું પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE : GJ00472
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.

R.C.GOHEL,P.A.